[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]


[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]



[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ઇસ્વર સ્તુતિ ગિતિ

જય જય જય જગ કરતા, સહાય થજે તું સુવાણી ઉચરવા;
ખીંગળ પાઠ નજાણું, રચું નકામો ઠાઠ આ ઠરવા.

પ્રકરણ ૧ લું

ભાષણના આરંભે સ્વજ્ઞાતિજનોને નમ્રતા પૂર્વક વિનંતિ

અહો સુભાગી રાળક દ્વિજ જનો, આજે હું તમારી આગળ એક અલ્પ સુભાષણ કરવાને ઉભો થયોછું. પણ મારી અલ્પ મતિ અને આવા કામમાં ઊંડાં ઉતરવાની પુરતી વખતની જોગવાઇ નહિ, એ બંને ખામી એોને લીધે કદાચ હું કાંઇ ભુલ કરૂં તો તમો સજ્જનો મારી તે ભુલ સામું નહિ જોતાં કંઇ ગુણ હોય તે ગ્રહણ કરવામાં દીલ લગાડશો.

હે! પ્રિય સ્વજ્ઞાતિ જનો હું આજે જે વિષય ઉપર બોલવા માગુછું, તે વિષયતો એજ છે કે, આપણી જ્ઞાતિભાએોની પડતી સ્થિતિ આવવાનાં શાં શાં કારણો છે; તેમાંથી કેટલાંક હાલ આ મંડળીને દર્શાવવાં કે જેથી કરીને આગળ ઉપર આમંડળીના કેટલાક સભાસદોને એવા વિષયો ઉપર નિબંધો રચી લાવવાને જેમ અનુકૂળ પડતું જાય તેમ વિચારમાં લેવાને ઠીક પડે. મારૂં આ બોલવું કેટલક સભા સદોને જરા વિવેકથી ઉલટું તો લાગશે, કેમકે દરેક નવો સભાસદ જયારથી મંડળીમાં દાખલ થાયછે ત્યારથીજ આ મંડળીનો હેતુ શો છે તે સારી પેઠે સમજેછે. એટલે કયા કયા વિષયો ઉપર નિબંધો રચવાથી સ્વજ્ઞાતિ જનોને સાંભળવાથી લાભછે, ને દરેક સભાસદ પોતાની મેળેજ સમજે છે તોપણ જ્ઞાતિભાએોની પડતી સ્થિતિ આવવાનાં કેટલાંક મુખ્ય મુખ્ય કારણો ટીકા સહિત હું આ જગાએ કહી સંભળાવું છું તે વિશે લક્ષ આપશો.

દોહરા

ઉઠો રાળક ઉંઘથી, સુણવા પડતી પ્રકાર;
ઉપાય શોધો એહનો, રાખીલો થૈ પાર. ૧
પડતીનાં કારણ ઘણાં, પણ એમાંથી ચાર;
મુખ્ય મુખ્ય હું વર્ણવું, અનુ ક્રમે આ...

પ્રકરણ ૨

હાલ કાળની સ્થિતિને અનુસરી તન

...

પ્રિય સ્વજ્ઞાતિ બંધુઓ
... બુદ્ધિમાન

બાળકોને ટળવળતાં મુકી ચોમાસાના દિવસોમાં ઘણે દૂર દૂર સુધી મૂર્ખ એ સારથી પૂજન કરવા, કથા કહેવા કે ભામઠી નિશાળો ભણાવવા જવુ પડેછે વખત ગુમાવીને ઘેર આવ્યાપછી પણ પોતાને અને પોતાની બૈરી છોકરાંને વસ્ત્ર મળતાં નથી તો સારાં સારાં આભુષણકે રહેવાને સુંદર ઘરકે બેસવાને વાહન ક્યાંથીજ મળે! આ અડચણ વખતને અનુકૂળ સુવિદ્યા શિખેલાઓને પડતી નથી તેમ નાન્ય નોકરી કરવાને પણ ઝાઝી દરકાર રહેતીનથી. માટે હે પ્રિય બંધુંજનો તમો અને તમારાં બાળકોને સુવિદ્યા તથા સુહુનર શિખવો કે જેથી કરી તેઓ તમારા જેવી સ્થિતિ કરતાં વધારે સારી સ્થિતિમાં આવે.

દોહરા.

ટોળક દ્વિજ સૌપ્રિતપથી, કરવા વિદ્યા અભ્યાસ;
રટણ રાત દિવસકરો, પ્રભુપૂરશે આશ. ૩

प्रकरण ३ जुं.

વિદ્યા, કળા તથા પૈસે અને આબરૂએ એક બીજાથી ચઢી
આતા થવાનું નહીંરછતાં એક બીજાને તોડી પાડવાની ખોટી ઇરછા

હાલના ઘણા ખરા ટોળક દ્વિજ જનો પોતાના જ્ઞાતિભાઓમાંથી કોઈ વિદ્વાન કેધનવાન થયાતો પોતે ઉદ્યોગ કરીને તેનાથી વધારે સરસ થવાની તજવીજ નહી કરતાં તેવા ઓને પોતાના જેવા અવિદ્વાન તથા નિર્ધન થાયતો તેમાં તેઓ ખુશી હોય તેમ લાગેછે. કેમકે મારા જોવામાં એવા ઘણા જ્ઞાતિભાઓ આવેલા છે કે તેઓ આપણી જ્ઞાતિના કોઈ નવીન નિપજેલા ધનવાન કે વિદ્વાનની પુઠ પાછળ તેની નિંદા કરતાજ હોય; અને તેનું સુખ જોઈ પોતે સંતાપતાજ હોય. વળી અધુરામાં પૂરૂં એવા વિદ્વાન કે ધનવાનની બૈરી છોકરાંમાંથી કોઇએ કાંઈ નવીન વસ્ત્ર કે આભુષણ પહેરેલું હોયતો એઓની કુથલી નોતો કોઈ કેડોજ ... કે ને તેથી જો કોઇ ભલું માણસ હોયતો તે આ ભુષણ કે વસ્ત્ર પહેરવું બંધજ કરીને ... છુટકો થાય. આ ઉપરથી આપણી નાતમાં આ એક સાધારણ ચાલ પડીજ ... ઈ ગમે તેટલો સુખીથાય, તોપણ પોતાની સ્ત્રીને સોને સુડો મઢાવતો ... બધી દુઃખ દાયક વાત છે કે સ્ત્રીઓ તે દરેક ઘરની તેમજ કુટુંબની ... થા સુભુષણ વગર સણગારને બદલે અંગાર જેવી લાગેછે. ... નપોદનોને એકજ વાડીમાં પાસે પાસે જમવા ... નપોષણ ઘણીસારી રીતે નિકળતી હતી પો ... ટોળકિયેણા સુવર્ણો તથા સુઆ ... જમણ પણ ટોળકીયાઓ ... હલકામાં

દોહેરા.

અરસ પરસ થવા એકઠા, ટોળક ધરો ઉમંગ;
અહો સુઉદ્યમ હાથમાં, થશો ન આશાભંગ.

प्रकरण ४ थुं.

કુશંપથી એક બીજાના છિદ્રો ખોળી કહાડી નિંદા કરવાની.

કુટેવ.

સદ ગૃહસ્થો કુસંપ તે દરેક ઘરનો, કુટુંબનો ને ન્યાતનો કટો દુશ્મન છે, એણે ઘણાં મોટા મોટા રાજ્યોના ધાણ વાળયા છે. એનાથી ઘણા કુટુંબોના તેમજ ન્યાતોના નહાના નહાના ભાગો પડી ગયા છે. અને એજ કટા દુશ્મને આપણા વડવાઓના વારામાં જે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને સુદ્ર એ ચાર ન્યાતો હતી તેમાંથી આજે હજારો બલકે ગણી નહિ શકાય તેવી તેવી એકમાંથી અનેક નાની નાની ન્યાતો ને વળી ન્યાતોમાંથી તડ પાડી દીધાં છે, ને તેથી કરીને એકટા દુશ્મન કુસંપ બાઇયે દરેક ઘરમાં, દરેક કુટુંબમાં તથા દરેક ન્યાતમાં પોતાનું ઘર ઘાલી દીધુ છે. તેથી એવા દરેક ગામનાં, કસ્બાના, શહેરના કે દેશના સર્વ કોઇ જનો એક બીજાનું સુખ નહિ ઇચ્છતાં એક બીજાના છિદ્રો ખોળી કહાડી હલકા પાડી દેવાને, નિંદા કરવાનો એટલે આદણી કરવાનો ધંધો લેઇ બેઠા છે, ને તેથી કરીને એવા આદણી કરનારાઓની સંખ્યામા પણ ઘણોજ વધારો થઇ ગયો છે. તેથી કરી આપણી સભા જેવું બીજું દરેક સ્વજ્ઞાતીમા વિદ્યા તથા નીતિનો ફેલાવો કરવાનું મહાભારત પરમાર્થી કામ માથે લેવાને કોઇપણ માણસની હિંમત ચાલી શકતી નથી. માટે હે પ્રિય સ્વજ્ઞાતિ જનો તમે એમ નહિ ધારતા કે આપણી સ્વજ્ઞાતિમાં જ્ઞાતિલાનુ ભલું કરી શકે તેવા પરાક્રમી તથા બાહ્દાન પૂરૂષો થયા નથી, થતા નથી, હાલ છે નહી ને હવે પછી થનાર નથી. એમ ... હાલમા ધારતા નહી, કેમકે એવા પરોપકારી સ્વજ્ઞાતી શુભેચ્છક હાલ ઘણા છે ... હેલાં ઘણા થઇ ગયા છે, ને હવે પછી ઘણાંજ થશે, માટે હે સ્વજ્ઞાતી ભ્રાતાજનો હવે જરા જાગૃત થાઓ, હાલનો વખત બદલાઇ ગયો છે, કેમકે દયાળું ... રકારની કૃપાથી હાલમાં ઠેકાણે ઠેકાણે મહા પાઠ શાળાઓ તથા શાળાઓ છે. તેના પ્રતાપથી કેળવણીનો લાભ લેઇ સારા દરજ્જા ઉપર ઘણા ... થેલા છે ને તેમના દીલમાં જ્ઞાતિભાઓનું ભલું ઇચ્છવાના સંપૂર્ણ વિચા... કુસંપ હોવાથી એક બીજાના છિદ્રો ખોળી કહાડી નિંદા કરવા... તેઓ ફંટાળી ગયા છે, તેથી સ્વજ્ઞાતિના ભલા સારૂ એકાઠ... સેતા નથી તેથી આપણા ટોળકાને મોટું નુકસાન છે.
ભને બરાબ કરનાર કુસંપ ... માંથી ...
... આપણા ...

ની યની પ્રજાને કંઈ લાભ થાય એવા ઉપાય કામે લગાડો.

દોહરો.

ટાળકમાં ટાળી તજો, સજો સુસંપ સદાય;
હાંકો અરી કુસંપ હતો, ઠીક સુધારો થાય.

प्रकरण ५ मुं.

નાત મેળાવડા કરવાના અતિ ઉત્તમ ચાલનો ખોટો ઉપયોગ કરવાની ધિક્કારવા જોગ વર્તણુંક.

સુજ્ઞ જ્ઞાતિભાઈઓ, આપણા બાપ દાદા કંઈ મૂર્ખ ન હોતા કે હજારો રૂપિયા
પરૂઓને ન્યાતનો મેળાવડો ભરવાનું નકામું ખરચ કરવાનો ખોટો રીવાજ આપણી ટો-
ળીમાં દાખલ કરે; કેમજે એવા મોટા મેળાવડા કરવાનો જે વૃદ્ધ પ્રથમ ચાલ કહાડ્યો
હશે તેણે ઘણાજ ઊંડા ને ગંભીર વિચારથી સ્વજ્ઞાતિ જનોમાંથી વિદ્વાન મહાપુરૂષોનો એક બી
જાને સમાગમ થવાથી વિદ્યા વિગરેનો એક બીજાને જૂદા જૂદા અનુભવોના અરસપરસ લા
ભ આપવા તથા એક બીજાનમાં પરસ્પર સ્નેહની ગાંઠ મજબુત બેસાડી આખા ટોળાનું ભલું
ઇચ્છવાના વિચારો ઘણા માણસો ભેગા મળી કરવાને ઠીક પડે, વિગરે મતલબથી કહાડ્યો હશે.
પણ હાલમાં એ અસલના રાવાજની મૂળ મતલબ ઊંખી વાળી દેઈ કેટલાક સ્વાર્થીયા તથા
એકલ પેટા સ્વજ્ઞાતી જનોએ મિથ્યા કુળાભિમાનમાં એ મેળાવડાનો સારો ઉપયોગ નહિ કરતાં
નાતની કુથલી કરવામાં તથા કન્યા આપલે કરવા વિગરેમાં ખોટો ઉપયોગ કરવા માંડ્યા છે, ને
તેથી કરી એ મહા મુલ્યવાન નાત મેળાવડામાં ખરચેલો પૈસો બરબાદ જાય છે, ને તેનો
કંઈ પણ સારો લાભ થતો નથી. માટે પ્રિય સ્વજ્ઞાતિ જનો હું તમને એમ કહેવા
માગતો નથી કે તમો એ મેળવડા કરવા બંધ કરો, પણ એ મેળાવડામાં જે સદ્‌ગૃહસ્થોને
નોતરો તે એકઠા થએથી કંઈપણ સ્વજ્ઞાતિના લાભમાં એ મેળાવડાના વખતનો સઘળો
ળ ખરચે તેવા છે કે નહિ તેનો પ્રથમ વિચાર કરી મેળાવડો ભરજો, નહિતો નાતની
ળી કરનારારા તથા નાતમાં ટંટા ઘાલનારા, તમાકુના ફૂંકડા મારનારા સેલાણી જીવડા
એકઠા કરી ખવડાવવાનો તો ખરચ કરવો તે એક હજાર હાથના પાણી વગરના
ાં પૈસા નાંખી દીધા બરાબર વ્યર્થ જવાના તે નક્કી જાણજો. કેમકે જેમ
ઉપયોગ કરીએ તો તે આપણને મીઠાં મીઠાં ભોજન જમાડી થાય છે
જો તેનો ખોટો ઉપયોગ કરીએ ને તેને કબજામાં નહિ રાખીએ તો
ને આને બાળી પ્રળય કરી નાખે છે, તેમજ આપણા નાત મેળાવડા
રીએ તો તેથી આપણી નાતને સુખી કરવાને જરૂરના બંદોબસ્ત
દ્વાન તથા નઠારા માણસોથી ભરીશું તો નાતમાં ટંટા વધતા
રહેશે બરાબાદ જશે સ્વજ્ઞાતિ ભાઈઓ દેખાડાર થઈ

દોહરા

નિત્ય ન્યાત મેળાવડા, ભરો કહું છું ભાઇ;
નોતરજો વિદ્વાનને, મળશે સરસ વડાઇ. ૧
વળી એવા વિદ્વાનજન, કરશે મળી વિચાર;
શા ઉપાયે સુધરે, ન્યાત આપણી આર. ૨
કોઇ રહે કંગાળ નહિ, નોકર રહે ન કોઇ;
વિદ્યા હુન્નર શિખીને, રહે સુ ઉદ્યમ જોઇ. ૩
વળી સ્ત્રીઓને છોકરાં, સંપી કરે વિચાર;
શુભ સ્થિતિમાં લાવવા, ન્યાત આપણી પાર. ૪
તોતો તરતજ નિપજે, ન્યાત બધી વિદ્વાન,
મુરખતો રહે નહિ, થશે બધા ધનવાન. ૫

પ્રકરણ ૬ ઠું.

મિથ્યા કુળાભિમાન.

હે સુકુળીન ટોળક દ્વિજજનો તમે બધા બ્રાહ્મણોમાં સરવ શ્રેષ્ટ અસલથીજ છો. કેમજે તમો મહા વિદ્વાન અને તપસ્વી ઋષિ જનોથી ઉતરી આવેલા છો. કે જે તપસ્વી ઋષિ જનોએ પોતાની વિદ્વતાના સ્વતંત્ર વિચારથી મહાપ્રતાપી મૂળરાજ રાજાનું દાન નહિ લેતાં ટોળું વાળી જુદા થયા. ને દાન જેવી મહા નાચ વસ્તુ તે લીધી નથી. તેથી સ્પષ્ટ જણાય આવે છેકે ચોરાસી નાતના બ્રાહ્મણોમાં તમો સર્વથી શ્રેષ્ટ તથા કુળીન છો. એમાં કંઇજ શક નથી. પણ "સાપ ગયાને લીસોટા રહ્યા" એ કહેવત પ્રમાણે તમો હાલમાં છો. કેમજે તમારા વડુવાઓતો સુવિદ્વાન તથા સદાચરણી હતા તેથી તેમને ઉત્તમ કુળ પ્રાપ્ત થએલા હતાં પણ તમારામાંથી હાલતે કેટલાક માત્ર નામના કુળવાન રહ્યા છો કેમકે જે લોકો હાલ પોતાને કુળવાન સમજે છે. તેમનો ઘણોખરો ભાગતો સુવિદ્યા તથા સદાચરણ રહિત છે. એટલુંજ નહિ પણ તેમાંના કેટલાક તો છેક અભણ તથા બળદનું પૂછડાં આંમળનારા હશે. તોપણ તે પોતાના મિથ્યા કુળાભીમાનને લીધે ઉપાયમાંથી હાથ બહાર કહાડતા નથી. ને તમાચા મારીને પોતાનાં મોઢાં લાલ રાખેછે. તથા તેમના નસીબ મૂર્ખ તથા અજ્ઞાની લોકોનો કાંઇ નાતમાં તોટો નથી. તેથી એવા મિથ્યા કુળાભીમાનીઓને તેવા મૂર્ખ લોકો વગર વિચાર કરવે માત્ર નામનાજ કુળીન જાણી કન્યાઓ આપેછે. તેથી તેવી કન્યાઓ જ્યારે પોતાના પીયરથી સાસરે જાયછે એવા નામના કુળીનને ઘેર જઇ અન્ન, વસ્ત્ર તથા આભુષણ વગર હેરાન હેરાન થાય ત્યારે નીસાસા મુકી હાય અફસોસ કરેછે કે આપહાય હુતે આ ... મારું કે પાપરૂ ! અમાર ભુખ લાગે ત્યારે ખાવાને ... આ ત્યાગી કુમાર કન્યાઓનુ

...માં ઘણાં પાપોથી તે બાપને જીવતાં સુધી લૂગડાં કરવાં પડે તથા વાપરવાને પૈસા ... આ ... પડે ને બાપને બિમણું ચારગણું દાણા પણ પહોંચતા કરવા પડે. તેવામાં ... તે ... અસરવાળ હોયતો તેના દુઃખનો કાંઈ પાર છે? એવા ... કુળાભીમાનીઓના બૈરાં છોકરાં ભૂખે મરે તોપણ તે કોઈપણ તરેહનો ઉદર નીર્વા-હના ધંધો નહીં કરતા પાતની પટલાઈ કરવામાં રાત દીવસ મંડયો રહે. ને પોતે દુઃખ પામી પાછળનાને દુઃખી કરી સ્ત્રી બાળકોના અન્ન વસ્ત્ર વગરના હાય અફસોસના અવાજ આ ... ... સાંભળી આ કાને કહાડી નાખે. ને જ્યાં ત્યાં નાતની ... કામમા ... દીવસ રઝળતો ફરે. તેનાં છોકરાં મુર્ખ રહે ને ત ... થાય, ઘરની સ્ત્રીના તિ-રસ્કાર ... વિગેરે ઘણી પ્રકારનાં દુઃખો સહન કરેછે. આહા! જોઇલો મીથ્યા કુળા-ભીમાનીના કુળ "ગરૂડીનો દેવને પણ ગમતી નથી" નાતમાં કોઈ લાણું કે નોતરૂં કરવા જાય ત્યાં પાનું ... જાતનું આ પ્રમાણિક પણું ગણાવે તેથી તવાજનો ... ... પણ ... ગમતા થાય એટલું જ નહિ પણ આવા ... કુળાભિમાની-ઓને મરતી વખતે ... પોતાને પાસે પૈસો પણ હોતો નથી. ... કરવાને ... ક્યાંથીજ હોય! તેથી કરી તેઉ વગડાના ... ખોરાક પાણી વગર ... ટગવળતા મરી જાયછે. આહા જુઓ સર્વ શક્તિમાન ઈશ્વર તરફથી મિ-... માનીને સજા???

દોહરા.

કુળીન સમજવો કોણને, અકુળીન કોણ કહેવાય
જુઓ વિચારી જુક્તિથ, સફળ મનોરથ થાય. ૧
શાહ વિદ્યા સુભ નિતનો, હોય નિકટ ભંડાર;
ઘરનાં વિવેકી જનસઉ, કુળીન ખરો તે ધાર. ૨
સંતોષી શિળ શીલ દયા, સેવે દિન નિશ ઈશ;
એમ આદિ લક્ષણ ઘણાં, કુલીન તણાં દશ વિશ. ૩
અભણ અનેક અભાગિયો રોજ કરે કંકાસ;
શીળ દયા સમજે નહિ, એજ નિચનો દાસ. ૪
ચોડાઈમાં સમજે નહિ, નાત તણી નિરધાર;
તોપણ મમત મુકે નહીં, એજ મુર્ખ સરદાર. ૫
એ આદી લક્ષણ ઘણાં, મીથ્યા કુળ અભીમાન;
સર્વ ગણીને આપતાં, ગ્રંથ બને જ નીદાન. ૬
માટે સંક્ષેપે કહ્યાં, ખરાં હતાં નીરધાર;
... કાંઈ, દીલમાં કરી વીચાર. ૭
... કહુ સર્વ.

પ્રકરણ ૭ મું.

ન્યાતિ ભોજનમાં શક્તિ કરતાં વધારે ખરચ કરી દેવાદાર થવાનો ડર નહીં રાખવાની મૂરખાઈ.

પ્રિય સ્વજ્ઞાતિ જનો, ન્યાતી ભોજન કરવાનો જે રહેરણે પેહેલ કાહાડી હશે તેનો મતલબ બીજો કાંઈજ નહીં પણ પોતે એકલ પેટા નહીં થતા પોતાને મેળેલી ઈશ્વર કૃપાનો લાભ સ્વજ્ઞાતિ જનોને ભોજન જેવી જીંદગાનીના જરૂરીઆત વસ્તુથી પુરો પાડવો એજ હશે. એમ જણાય છે એટલુંજ નહીં પણ સગાં સબંધીઓનું કુટુંબ વર્તમાન એક બીજાનું મળવુ થવી પરસપર સ્નેહ ભાવના વધારો થઈ. આ જંજાળી દુનિયાના હરરોજના લાગેલી ખટપટોથી જીવને થોડીક વાર સુધી પ્રિયજનોના સાથે રહી આનંદ આપવો એજ છે, વળી આ સમુદાય એકઠો મળવાથી સ્વજ્ઞાતિમા ઇશ્વરી કૃપાવાળા કેટલા માણસો છે તથા તેમની રીત ભાત તથા વસ્ત્ર આભુષણો પરે પરખાઈ આવેછે. તેમજ જે માણસો ઇશ્વર કૃપા રહિત છે તે લોકોને ઉપર કહેલા ઇશ્વર કૃપા વાળા માણસોનાં સુખ જોઈ પોતે આળસ છોડી તેવા થવાનું યત્ન કરતાં શીખેછે. આ આ આદિ ન્યાતિ ભોજન કરવાથી બીજા અનેક લાભછે. પરંતુ તેવાં ન્યાત ભોજન ફક્ત જે માણસોને ઇશ્વરે શક્ત આપી હોય તેમણેજ કરવા જોઇએ, ને જે માણસ અશક્ત છે તેમણે ન કરવા જોઇએ. આ ન્યાત ભોજનના પેહેલ કરનાર મૂળ પુરૂષના મતલબ છે તે હાલના લોકો નહિ સમજતાં વગર વિચાર કરવે માથે કરજ થવાનો ડર નહિ રાખતા ફુલણી માફક પાછળ ફરીને વાહવાહ જપતાવીંદછે. તેથી "લાંબાની વાતે ટુંકો જાય મરે નહિ પણ માંદો થાય" એ કહેવત પ્રમાણે કરજના માર્યા થાય નહિ પણ તેનું વ્યાજ ભરી ભરીને તેના સાત પેઢી સુધી છોકરાંનાં છોકરાં મરી જાયછે, પછી આવા અવિચારના ખરચ કરનાર પુરૂષનાં છોકરાંને કાંઈ રોજી હુન્નર કે વિદ્યા શિક્ષા વગર જલદી જલદી આ કરજનો બોજો નહિ સહન થવાથી કંઈ પણ ઊંચું નિચું કામ નહિ જોતાં ધંધે લાગી જવું પડેછે. તેથી એક પછી એક પેઢી દર પેઢી ખાનદાની ઓછી થતી જઈ આખરે તે કુટુંબ ઘણુંજ કંગાલ હાલતમાં આવતું જાયછે. તે ન્યાતિમાના સઘળા માણસો સારી પેરે જાણતાં છતાં તેવા જંપલાવનારાઓને શિખામણ નહિ દેતાં ઉલટાં જેને બીચારો ન્યાતિભોજ નહિ કરતો હોયતો તેને વજ્ર જેવાં મેણાં મારીને જબર જસ્તીથી રાખેછે. એટલું નહિપણ જમતી વખતે તે બીચારાનાં ખોટાં ખોટાં વખાણ કરી તેને ફુલાવેછે. કે વાહ બાપજી નહિતો ફલાણાના દીકરા કહેવાઓ તમારા ઘરમાંનો થતું આવ્યું છે જાણે કરો શી નવાઈ. આવું ભોજન તો ન્યાતિમાં આજદીન સુધી કોઈએ કીધું નથી ...

જો કોઈ લાગો ટાળતો તેઓ તે દીવસે ભોજન આપવાના

છમાસી વિગરે બીજું હરેક બાનું કહાડી ...

માણી શક્તિ ... ન્યાતિ ...

જાય. તેમાંથી ઠીક ભાગી પડશે. આહા! આવા ભોળાઓને ભમાવી જગ સુધી કર-જણા ઊંડા ખાડામાં ધકેલી પાડનારને ઈશ્વરને તહીં કેટલો જવાબ દેવો પડશે. તેનો વિ-ચાર કરી દશા નગર તથા શ્રાવક વાણીઆની નાતની માફક એવો ચાલ પાડ્યો હોય કે જ્યારે જેને મળે ત્યારે ન્યાત જમાડે. કોઈની પાસે પરાણે કરાવવું નહિ, તો ન્યાતનાં મા-ણસો કેટલાં બધાં સારી સ્થિતિમાં આવે. ઉપર લખેલા શ્રાવક તથા દશાનાગર વાણીઆમાંથી કેટલાક પાછા હઠેલા હોય છે તેનો જ્ઞાતિ ભોજનમાં ખરચવા ધારેલી રકમનો દશમો હિસ્સો જે દિવસથી જ્ઞાતિ ભોજન આપવાનો વિચાર મુકરર થાય છે ત્યારથીજ વ્યાજે મુક્યા કરે છે. તે રકમનું વ્યાજનું વ્યાજ ચડતાં ચડતાં વખતે આખરે ખરચવા જેટલી રકમ ક-રતાં અસલ રકમ જમતી રહે તેટલું થાય ત્યારેજ જ્ઞાતી ભોજન કરે છે. જુઓ આ કેવી સારી જુક્તિ છે, એ યુક્તિથી જ્ઞાતિ જનોમાં કેટલી બધી રકમનો બચાવ થઈ ઘણું ઉત્તમ ભોજન કર્યા છતાં પણ જ્ઞાતી જનો કંગાલીઅત હાલતમાં આવતા બચી જઈ ધનવાન થાય છે

દોહરા.

આપો ભોજન જ્ઞાતિને, શક્તિ પ્રમાણે આપ;
એમાં કાંઈ ખોટું નથી, શુભ પુરાણે છાપ. ૧
(પણ) અશક્ત માણસ પાસથી લેણું દેઈ અદભૂત,
ન્યાત કરાવે જોરથી, રીતે નહીં અચુત. ૨
આવા પાપી પુરૂષને, ઈશ્વર આપે આપ;
(માટે) ભોળાને ભરમાવતાં, ડરો કહું છું સાચ. ૩

प्रकरण ८ मुं.

જ્ઞાતિજનમાં એકબીજાનો ભરૂસો ઉઠી જવાથી કોઈ પણ મહાન સ્વજા-
તિજન જ્ઞાતિલાને પાછે રાખી ઊંચે દરજ્જે ચઢાવતા ડરે છે. તે ડર
નહિ રાખવો પડે તેવા ગુણોની સ્વજ્ઞાતિલામાં અછત.

આજ કાલ આપણા લોકમાંથી ઊંચે દરજ્જે ચડેલા મહાન પુરૂષોમાંથી ઘણા ખરાના મનમાં આવો ડર પેસી ગયેલો હોય તેમ જણાય છે. કે જો કોઈ પણ સ્વજ્ઞાતિલાને મોટે દરજ્જે ચડાવવા આપણા હથવળે રખીશુ તો તે આપણુંજ ખોદશે. આ વાત ઘણે ખરે જતે સાચી પણ છે એમ લાગે છે. કેમકે ઘણા ખરા આપણા જ્ઞાતિજનોમાં મહાન જનો પાછળ નિંદા કરવાનો તથા તમરી મહાતાનો ઈજારો કરવાનો એક સ્વભાવિક રીતે હોય છે; પણ હું ધારૂં છું કે એ બુરા ગુણનો ત્યાગ હવે આપણી આ સભામાં જોડાં પરસ્પર મળવું થવાથી એક બીજાના દીલના ઉભરા ખુલ્લા થઈ દુર થ... ગાપવાનું કંઈ વધારે કારણ નહીં રહેશે. એમાં કાંઈ શક નથી.
... વિનતિ કરૂંછું કે જેમ નાગરો શ્રાવકો, દક્ષિણી-
...ના બીજા લોકોને ...

પ્રમાણે આપણી ન્યાતમાં પણ થવું જોઈએ. હાલમાં મારા સાંભળવામાં એવું આવ્યું કે એક નાગર વાણીઓ, ઈંગ્રેજ સરકારની નોકરીમાંથી કોઈ મોટેલા રાજસ્થાનમાં કંઈ નોકર રહ્યો છે. ત્યાં તેણે ગયા પછી પોતાના નાતીલામાંથી જે કોઈ યોગ્ય જણાયા તેમને બોલાવી બોલાવીને પોતાના હાથનિચે બન્યા તેટલાને ઠેકાણે પાડી દીધા છે. આમ થવાથી જ્ઞાતિજનોમાંથી એકબાપટાના નામોસી જતી રહી પરોપકારનું કામ કરવાથી ઈશ્વરની મહેરબાની પ્રાપ્ત થાયછે. આહા! ધન્ય છે આ નાગર વાણીઆને.

દોહરા.

નાગર જ્ઞાતી વણીકનો, જુઓ દાખલો આજ;
એકજ જણે અનેકને, સપાવ્યાં બહુ કાજ; ૧
કાજ સુધાર્યાં જ્ઞાતિજન, સુખી કીધા અપાર;
ધન્યવાદ એ જનને સહુ, કરે પ્યારા નીરધાર ૨
માટે પ્યારા જ્ઞાતિજન, રાખો તમે સુખ્યાલ;
આરસ પરસ પ્રિતી કરી, કરો સકળને ન્યાલ, ૩

પ્રકરણ ૧ મું.

સ્ત્રી તથા બાળકો અને પુરૂષોમાં એક સરખી રીતે એક ક્ષણ વાર પણ નકામો નહીં ગુમાવતાં કોઈપણ ઉપયોગી ધંધા પાછળ મંડ્યાને મંડ્યા રહેવાની ટેવ પાડવાના વિષે.

બાઈઓ આપણા ટોળામાં વૃદ્ધ, બાળક કે જુવાન એમાંથી કોઈનામાં જરા પણ એક ક્ષણવાર નકામી ન ગુમાવતાં કોઈપણ ઉપયોગી કામ પાછળ મંડ્યાને મંડ્યા રહેવાનો ગુણ બીલકુલ જોવામાં આવતો નથી તે પણ આપણા ટોળાને પડતી દશામાં આવવાનું એક કારણ જણાયછે. હાલ એ ગુણનો ખરો દાખલો ઈંગ્રેજોમાં જોવામાં આવે છે; ને તેનો ખરો લાભ તે તેમનું પૃથ્વીના ઘણાખરા ભાગપર રાજ ચાલેછે. તેથી ખુલો જણાય છે. આપણા ટોળક જનોમાં તો ન્યાતમાં કોઈ પરાક્રમી ઉઠે તો તેની પીઠ પાછળ ખોદણી કરવાને મંડ્યાને મંડ્યા રહેવાનો અતિ નિચગુણ ઘણા જનોમાં પડી ગયો છે. તેનું ફળ તેવા લોકોને સ્વભાવીકજ મળે છે. એટલે નિરધન તથા વિદ્યા હિન રહે છે તે પ્રત્યક્ષ છે. વળી ન્યાતની કેટલીક મૂર્ખ સ્ત્રીયોમાંનો ન્યાતમાં રોવા કુટવાનું કાઢવાની પાછળ મંડ્યાને મંડ્યા રહેવાનો અતિ નાશ કારક ગુણ રહેલો જણાય છે. ન્યાતમાં કોઈ મરી જાય તો તેના શરીરને ઠેકાણે પાડવા તથા તેના કુટુંબીઓને આપવા પુરૂષો એકઠા થવાની તો ઘણીજ જરૂર છે પણ સ્ત્રી... જતાંમાં ધી કુટવા રોવા માટે એકઠી થવા દેવી ... રહેવા દઈ સરકારે પરબારા ...

જલદીથી આરામ મળે, તથા છોકરાં પણ જલદીથી આવાનું મળવેથી પોત પોતાના ભ-ણવા વિગેરે કામપર લાગે, હે પ્રીયજનો જેટલો મંડયા રહેવાનો મત આપણે જ્ઞાતિ વેવહારમાં રોવા કુટવા જવાનો તથા રાત્રે ન્યાતનાં નોતરા માનવા જવાનો રાખ્યે એ છીએ તેનો હજારમો ભાગ સારા કામ પાછળ મંડ્યાને મંડ્યા રહેવાનો રાખીએતો કેટલા બધા સુખી થઇએ ॥

દોહરો

ઉદર પોષણ કારણે, કરો મહેનત અપાર;
પરણે જ્ઞાત વ્યવહારનો, ઓરો ચડસ ખુમાર

પ્રકરણ ૯ મું.

નહાન પણુંથીજ છોકરાંને જલદી જલદી પરણાવી દેઇ ન્યાતમાં મોટી આ-
બરૂ મેળવવાની ઘેલછાઇ.

આ મારા દયાળુ અને સદ્ગુણી સ્વજ્ઞાતિ જનો ઘણીજ નાની ઉમરમાંથી છોકરા અગર છોકરીને જલદી જલદીથી પરણાવી દેવાનો મતલબ દરેક માબાપની ઘણીજ જુદી જુદી તરેહની રહેલી હોયછે. જેવીકે કેટલાક છોકરાના માબાપો પોતાના છોકરાને ઘણીજ નાની ઉમરમાં પરણાવવાને એટલી બધી ફીકર રાખેછે કે તે પછી ન્યાતમાં ગમે તેટલો મોટો કુળીન હોય તો પણ અંદર ખાનેથી તે કામમાં પાર પડવા સારૂ છુપી રીતે છોકરીનાં માબાપોને લાલચ આપવા સારૂ જરૂરીઆત નાંણું મેળવવા માટે પોતાનું ઘર વેચે, ખેતર ઘરેણે મુકે, દોકડા બે દોકડાના વ્યાજે કાઢે અગર ગમે તેમ કરીને પણ છોકરીઓનાં માબાપોને ઘરાણાં તથા લુગડાં કે ખાનગી ખરચ વિગેરેમાં મદદ કરવા નાંણું આપવા કબુલ થઇ હરેક તદબીરથી પોતાના છોકરાનો વિવાહ કરી જલદી જલદીથી પરણાવી દેવાની તદબીર કરે છે. એવા ઇરાદાથી જે આપણા છોકરાને આ-પણે ઘણીજ નાની ઉમરથી પરણાવી દઇશું તો ન્યાતના બીજા લોકો એમ સમજશે કે આઇ કુળાણાનાં છોકરાંતો ઘોડીયામાંથી ઝડપાય છે. તેવી બુમ ચાલવાથી આગળ ઉપર બીજી વખતના છોકરામાં એટલી અડચણ નહિ પડતાં ઘણાજ નફા સાથે આવા કામમાં પાર પડીશું. દૈવ યોગે આવા મનસુબામાં સ્વજ્ઞાતિઓમાંથી જે સખસો પાર પડે છે તો તેવા લોકો મનમાં એમ સમજે છે કે, મે મારા છોકરાને સારૂ આ દુનિયામાં જે કામ મોટી ફરજ હતી તે બજાવી ચૂકયો. હવે મારે તેના વિષે કંઇજ કરવાનું બાકી નથી. મારો છોકરો સંસારમાં ઠેકાણે પડી ચૂકયો. હવેતો એના કરમમાં હશે તેવી સૂકી ભાંજરી ગમે તેમકરીકમાઇખાશે. આમ કરી પોતાના મિથ્યાભિમાનમાં આવા ...જ્ઞાતિઓ પોતાનેપાર પડેલા સમજી જયાંહાં ત્યાંહાં પોતાના છોકરાના અભિ...માને. પણ આવા અવિચારી લોકો સમજતા નથી કે ...બાળકની શીઅવસ્થા થશે, તે બિચારા

બાળકની પસંદગી વગર તેના બાપે જ્યાં ત્યાંથી નાનું મોટું નહિ જોતાં એક ઝાંખરૂ વળગાવી દીધું તેથી આવા બાળકને જ્યારે ખરો ભણવાનો વખત આવેછે ત્યારે, આ ઝાંખરૂ તે બીચારને વચ્ચે પડી નડેછે. તેની વિદ્યાભ્યાસ કરવાની પ્રિતિ ગમે તેટલી હોયતો પણ તે તેને ભણવામાં લક્ષ ન આપે તેને વાસ્તે ગમે તેવા જૂદા જૂદા ચાળા ચેટક કરી તેને ભરમાવેછે. તેથી તે ભાઇ સાહેબ ઘણીજ નાની ઉમરમાં સંસાર ભોગવવામાં મશગુલ થઇ વિદ્યાભ્યાસ પડતો મૂકે છે. ને તેને ઘણીજ જલદીથી પ્રજા થવાનો આરંભ થાયછે ને તે પ્રજા એટલી બધી ઝડપથી વૃદ્ધિ પામેછે કે ભાઇ સાહેબ પોતેજ હજીનો ખરચા રૂપજ છે તો તેને બદલે તેમને પોતાનેજ બે ત્રણ ખરચાં થઇ જાયછે. ને વળી તે અતિ રોગી હોયછે એટલુંજ નહિપણ પોતે તથા પોતાના સ્ત્રી એ રીતે બેઉ જણ ઘણીજ કાચી ઉમરે સંસાર ભોગવવામાં પડવાથી ઘણાંજ અશક્ત તથા કમજોર થઇ જાયછે. તેથી કરી આવા કમબખત સખસો પોતાના માબાપોની મૂર્ખાઇને લીધે અવિદ્વાન રહીજઇ સંસારના નહિ ઉચકાઇ શકાય તેટલા બોજા નીચે દબાઇ જઇ પાયમાલ થઇ જાયછે. એટલે તે તથા તેની સ્ત્રી કમજોર તથા નિર્ધન થઇ જાયછે. ને તેથી કરી તેમનાં ખરચાં રોગી થઇ જાય તેમની પણ અવસ્થા પેઢી દરપેઢી ઘણીજ માઠી અવસ્થામાં આવી આખરે એવું કુટંબ હતું ન હતું થઇ જાયછે. જુવો ભાઇ આવું મોટું નુકસાન જે લોકો નાનપણમાં ઘણીજ જલદીથી પોતાના છોકરાં પરણાવી દેછે તેના માબાપથી થાયછે. તોપણ તે ચાલ બંધ થઇ જેટલી કાળજી નકામી મોટાઇ મેળવવા પાછળ રાખેછે તેનાથી હજાર ભાગી ઓછી જો તેવા લોકો પોતાના છોકરાને ભણાવવા પાછળ રાખતા હોયતો કેવાં સારાં ફળ પ્રાપ્ત થાય! જ્યાં સુધી ઘેર સ્ત્રી નહિ આવે ત્યાં સુધી નિરાંતે વિદ્યાભ્યાસ કરવાને બની શકશે. એટલુંજ નહિ પણ કાચી ઉમરે સંસાર ભોગવવામાં નહિ પડવાથી શરીર પણ તનદુરસ્ત તથા જોરાવર રહેશેજ, વળી જેટલું ખરચ પરણવા પાછળ કરેછે તેનો સોમો હિસ્સો ભણવામાં ખરચશે તો તે સખસ કેટલો મોટો પરાક્રમી થઇ આવી સ્ત્રી જેવી જરૂરની વસ્તુ પોતાને પસંદ પડતી ઘણીજ સહેલાઇથી સહજ મેળવી શકશે. ને તેથી કરી તે તથા તેની પ્રજા ઉતરોત્તર સારી સ્થિતિમાં આવતી જઇ આખરે આખી નાતિ એવાં ઘણાં કુટુંબોનો જમાવ થવાથી બેશક સારી સ્થિતિમાં આવશે.

હવે જે લોકો છોકરીઓને નાનપણથી પરણાવી દેવાની તજવીજ કરેછે તેમની મતલબ એછે કે પોતાની છોકરીને કુલીન વર સારૂં ઘર વિગરે મળવાથી ન્યાતમાં પોતાનો મરતબો વધારી દઇ લાવો લેવાની ઇચ્છા હોય છે. આવો ગેરવાજબી લાવો લેવાની ઇચ્છા રાખનારઓ તથા ન્યાતમાં સારો વર તથા ઘર જોઇ પોતાની મતલબ સાધનારાઓ ખરેખ પોતાની પ્યારી પુત્રીના કટ્ટા દુશ્મનો છે. કેમજે તેમની મતલબ પાર પડી પૈસાથી કે ઉપર કહ્યા પ્રમાણે ન્યાતમાં વગ સગ વધારવાની એટલે ...

પર પોતાની દીકરીનો નફો નુકસાન નહિ વિચારતાં ...

મતલબીયા જેકે પોતની દીકરીઓને ...

ઉપર આવા છોકરાઓ મોટી ઉંમરે પરણી પછી સાસરે જાયછે ત્યારે તેમના કેવા હાલ થાયછે. તે ઘણા માણસો જાણેછે. તોપણ ટુંકામાં એટલુંજ કે ઘણીઓને પોતાના રંડાપામાં નાખે એવું બનાવ થાયછે. અને બાળ અનેક તરેહના દુઃખ પડવાથી આખરે પોતાના પ્રાણ કુવે કે હવાડે પડી કે ઝેરખાઈ ત્યાગ કરેછે ત્યારેજ તે બાપડી છુટેછે. અહા! જોઈએ બાળ લગ્નથી નિપજતાં દુઃખ! આનો ઘણોજ સંક્ષેપ વર્ણવ્યા છે. પણ જો એ ઉપર વિસ્તાર રૂપે લખીએ તો એક મોટો ગ્રંથ થઈ જાય.

દોહરા. (સાખી ઢાળના.)

અહો રત્નાર્થિઓ પિતા, હિતમાં કરો વિચાર
બાળક અજ્ઞાની ગણો, પ્રાણ તણા આધાર ૧
સ્વારથકાજ કરો નહિ, લગ્ન વિવાહનું કામ
બચ્ચાં ગણજો એમનાં, આપીને મન ધ્યાન. ૨
એહ કર્મનું ફળ વળી, ભોગશો તમને નહિં,
સહુ સમજીને માનજો, નહિતો નરકે જાહું. ૩
(માટે) બાળ લગ્ન આપો તજો, દે વિદ્યાનું દાન
નાત પ્રજાઓ સુધરશે, સાન પામશો જ્ઞાન ૪

પ્રકરણ ૧૨ મું.

કમ અક્કલ તથા અભણ માણસના હાથમાં ન્યાતની શેઠાઈ આવ્યા પછીનું
જોખમ ભરેલું

કામ.

ભાઈઓ "જેનો આગેવાન આંધળો તેનું લશ્કર કુવામાં" આ કહેવત કાંઈ ખોટી નથી. ન્યાત જે ઘણા ભાયાળા કુટુંબોથી બંધાઈ માણસોનો એક મોટો સમુદાય થયેલો હોયછે તેની સઘળી મોટાઈ, તેનું સઘળું સુખ યા દુઃખ કે બિજનું હરેક તરેહનું બુરૂં કે ભલું થવું તે સઘળાનો આધાર તે ન્યાત કે સમુદાયના વડા ઉપર રહેલો છે. આવડો ન્યાતમાં પટેલ કે શેઠને નામે ઓળખાય છે. ને તેને તે જોખમ ભરેલા મરતબો ફક્ત ન્યાતમાં તેના ઘણા સગાવહાલાઓના વગ વસીલાથી મનાઈ ગયેલો હોયછે. તેથી તે માણસ ગમે તેટલો દુષ્ટ, ગેર ઇનસાફી અનિતિવાન કે અભણ હોય તોપણ ઘણા દીવસ સુધી એ મરતબો અંધ પરંપરા પેઢી દરપેઢી નિભ્યો જાયછે. કેમજે આવા માણસોને પોતાનો મરતબો જાળવી રાખવાને ન્યાતમાં જે તેના સામા થાય એવા હોયછે તેને હરીતે શાંત રાખવાની રીતી ઘણી સારી આવડતી હોયછે. એટલે ન્યાતમાં કંઈ લાણું ... પોતાને જેની ગરજ હોયછે તેને ઘેર ટાળી કહાડીને સૌથી સરસ ... ખટપટ કે બાતમી હોયછે તે તેવાઓને ઘેર જઈ અગા- ... માંથી કોઈ માણસ, ન્યાતનો કંઈ કા-

પણ કે મારો તોડે તોપણ તેને કોઇ પુછતું નથી. આ અભણ શેઠીઆઓ ન્યાતની અંદરના ખિન વસીલાદાર ગરીબોને ઘુંદી ઘુંદીને વારંવાર દબાવી દબાવી પૈસા ઓકાવવાનો ધંધો ચાલાવે છે. તોપણ તેને કોઇ પુછતું નથી. જુવો ભાઇઓ આવા એકલ પેટા તથા અનિતિવાન શેઠીયાઓ જે અંધ પરંપરાથી ચાલ્યા આવે છે. તે લોકોને આવા સુધરેલા જમાનામાં એવો જોખમ ભરેલો મરતબો ન્યાત જનોમાના સઘળાના મત પુછ્યા શિવાય આપ ખુદાઇથી મેળવી લે તેથી આપણા ટોળાને કેટલું બધુ નુકસાન છે. આપણા જ્ઞાતિભાઓને કન્યાઓની અછતને લીધે જે અત્યંત દુઃખ સહન કરવું પડે છે તેનું કારણ બીજું કંઇજ નહિ પણ આજથી વીસ પચીસ વરસ ઉપર જ્યારે આવા આપ ખુદી શેઠીઆઓના અતિ ઘણો જુલમ ચાલતો હતો ત્યારે ઘણી સ્ત્રીયોએ પોતાના પ્યારા પ્રાણ તેવા પાપી ઓના તરફનાં દુઃખ સહન નહિ થવાથી તજ્યા છે. તેવી ગરીબ અબળાઓના અંત વખતના અઘોર નિસાશાનાં ફળ તે તેવા પાપીઓને લીધે આપણે હાલ ભોગવવાં પડે છે. અહોલ ઇશ્વરે સ્ત્રી પુરૂષોની સંખ્યા પૃથ્વી ઉપર સરખી સરજાવેલી છે. છતાં આપણને ઇશ્વરે તેનો તોટો પાડયો છે એ ખુલું છે. માટે હે ભાઇઓ હવે સમય બદલાઇ ગયો છે. ઘણાના મન જ્ઞાન રૂપી દીપકથી પ્રકાશીત થયાં છે માટે હવે અજ્ઞાનને દુર નસાડી મુકશો હરેક ઠેકાણે જ્ઞાતિના શેઠનું ઘણુંજ જુમા ભરેલું કામ સર્વનુ મતથી જ્ઞાતિમા જે વિદ્વાન તથા સુનીતિવાન અને ધનવાન હોય તેવાને સું પાયતો બેશક તેવા જનોના વિચાર પ્રમાણે સઘળા માણસોને ચાલવાથી આપણી હાલત સુધરવામાં કાંઇ વિલંબ નહિ થાય.

દોહરા.

જ્ઞાતિભા જ્ઞાની થઇ, સંપ ન રાખો કેમ;
શેઠપણું સુપો તમે, સજ્જનને સપ્રેમ. ૧
તેનો નમ કારજ સરે, અહો નિશ વધે ઉમંગ;
ન પડે તટા ન્યાતમાં, આનંદ વાધે અંગ. ૨
મુરખ જનના હાથમાં, ન્યાત તણી શેઠાઇ;
રહેશે ઝાઝા દીનતો, ભુંડી થશે ભવાઇ. ૩
માટે ચેતી પહેલથી, દિલકશી દરિઆફ;
શેઠાઇ સુપવા ન્યાતની, અદલ કરો ઇન્સાફ. ૪
કરો ન વગરો કોઇની, વગની કરો વિચાર;
કોને સોંપેશો થશે, જ્ઞાતિ તણો ઉપકાર. ૫
યથા અપાય સભા વિષે, પ્રમૂખ તણું સુભસ્થાન;
ઘણા મતો મળવા થકી, સમજે ચતુર સુજાણ
એજ પ્રમાણે આપણે, ન્યાત [illegible]
ઘણાં મતો મળવા [illegible]

પ્રકરણ ૧૨ મું.

બાઈઓને સુવિદ્યા શીખવી સદાચરણી તથા નીતિમાન કરી સુવિદ્યામે
લગાડવાના આધાર.

બાઈઓ! સ્ત્રી તે સંસારમાં દરેક ઘરનો પ્રધાન છે. જેમ સારા પ્રધાન વગર મોટા મોટા રાજાઓની ખુવારી થઈ જાયછે તેમ સદાચરણી સ્ત્રીઓ વગર ન્યાતમાં ઘણા ઘણા કુટુંબોની ખરાબી થઈ જાયછે. મુર્ખ બાઈઓ વિદ્યાભ્યાસમાં તથા ધંધા રોજગારમાં મદદ નહિ કરતાં ઉલટી હરકત પાડેછે. ઘણી મુર્ખ સ્ત્રીઓથી કેટલાક કુટુંબોમાં મોટા મોટા કુસંપના ઝાડ રોપાઈ ગયા છે. ઇત્યાદિ ઘણાજ અવગુણો અભણ સ્ત્રીઓ મુર્ખ રહેવાનાં અંધ પરંપરાનો રિવાજ ચાલતો આવવાથી હાલ જણાયછે. માટે હાલની સમે વિચારી સ્ત્રીઓને વિદ્યાભ્યાસ કરાવવાથી ઘણાજ ઉત્તમ ફળ પ્રાપ્ત થશે. તેવા કે માતાઓ જ્ઞાની થવાથી તેમના બાળકોને વિદ્યાભ્યાસમાં મદદ મળશે. કુટુંબના પાલણ કર્તા કંઈ દૈવ જોગથી અચાનક નાશ પામશે તો આવી ભણેલી સ્ત્રીઓ સુવિદ્યાથી પોતાના કુટુંબને પડેલા દુઃખમાંથી બચાવવાને એક યોગ્ય સાધન થઈ પડશે. એટલુંજ નહિ પણ એવી ભણેલી તથા સદાચરણી સ્ત્રીઓ દુઃખના વખતે એક સુમિત્રની ગરજ સારી પોતાના કુટુંબને પોતાથી બનતી સઘળી મદદ કરવામાં ચૂકશે નહિ.

દોહરા

ભાઈ ભણાવો ભાવથી, અબળા કન્યા આજ;
ટૂંકામાં કહું એટલા, સુધરે સઘળાં કાજ. ૧
માતાઓ જ્ઞાની થયે, પ્રજા થશે વિદ્વાન;
સુચાલ ચાલી ઘર વિષે, વડીલ પામશે માન. ૨
કુસંપ ને કંકાસનું, જશે સમૂળું મૂળ;
સુચાલ પકડી સ્નેહથી, દિપાવશે નિજકૂળ. ૩
ઉપજ ખરચનો ચોપડો, ગ્રહી પોતાને હાથ;
ખર્ચ કરશેજ વિચારથી, સુખી કરવા નિજનાથ. ૪
એ આદિ વિશેષ લાભ, ભણાવવામાં છે ભાઈ;
માટે ભણાવો ભાવથી બાળક કન્યા બાઈ. ૫

પ્રકરણ ૧૩ મું.

સ્ત્રીઓ તથા બાળકોને સુવસ્ત્ર તથા સુ આભુષણ આપી દેખાડ અભિમાન
નહિ કરવાની અઘટિત ખપીલાઈ.

"" બાળકો તે તમારા ઘર રૂપી બાગનો શુશોભીત સણગાર
લાગે છે, પણ તમારી પાસે જમ તેડી

સાહેબી આગર દોલત હોય તોપણ તે કશા કામનીજ નથી. કેમકે દોલત આગર સાહેબીનો ઉપભોગ ફકત તે પેદા કરનાર એકલાથીજ લેવાય શકાતો નથી. તેથી ઈશ્વરે સૃષ્ટના આરંભેજ સ્ત્રી તથા બાળકોની રચના બનાવી છે. એ રચનાથી સઘળા સંસારની ખુબી રહેલી છે એટલુંજ નહિ પણ જો તેઓ સુઘડ તથા દિપાયમાન હોયતો મનને આનંદ આનંદ ઉપજેછે. વળી તેમને સુવસ્ત્ર તથા સુઆભુષણ આપી પ્રસન રાખવાથી આપણને તે આ દુનિયાની જંજાળથી કંટાળી આવ્યા બાદ અમૃત પ્રેમના વાકયો બોલી ખુશ કરેછે. અને આપણું દુઃખ વિસરાવી દેવામા તથા ઘરના જરૂરીઆત કામમાં મદદ કરે છે. આપણું બધું સુખ દુઃખ તેમના પર આધાર રાખે છે. ટુંકામાં સંસારનું સર્વોત્કૃષ્ટ સુખ તે સ્ત્રીઓ તથા બાળકોજ છે તેમ છતાં આપણે એકલપેટા થઈ તેમને સારા આભુષણો કે વસ્ત્રો ન આપે એ તેમજ ખાવાપીવામાં તથા શુભ મોજ શોખમાં પણ તેમને આપણી બાગ લેવા ન દઈએ તો તેથી તેમની તમારા ઉપર કેવી પ્રિતિ થશે? માત્ર ઉપરનીજ. પણ ખરા અંતઃકરણની નહીજ. જો આવી હોયતો પછી તમારી દોલત અને દોકમાઈ શા કામની? માટે હે પ્રિયસ્વજ્ઞાતિજનો તમો તમારી સ્ત્રીઓ તથા બાળકોને તમારી શકિત પ્રમાણે સારા આભુષણો તથા વસ્ત્રો આપી તૃપ્ત કરો. કે જેથી કરી તેઓ તમારૂં ઘર દીપાવી તમને પ્રસન્ન કરે. આ બોલવાનો મારો મતલબ એછે કે ઘણાં માણસો વખતને લાયક વસ્ત્રો તથા શરીરને ઈજા ન થાય તેવાં યોગ્ય આભુષણો આપવામાં બહુજ બખીલાઈ રાખેછે. તેથી ન્યાતના મોટા ભાગ કંગાલીમતહાલતમા બીજાઓની નજરે જોવામાં આવેછે. તેથી ઉચ્ચ દરજ્જેના લોકોમાં આપણી ન્યાત વિષે હલકા મતો બંધાય છે. એટલુંજ નહિ પણ સ્ત્રી પુરૂષોનાં મન એક બીજાથી વિરકત રહી ઘર સંસારમાં એકસંપ થઈ દોલતકે આબરૂ મેળવવામાં જુદાઈ રખાય છે. વળી સુવસ્ત્રો તથા સુઆભુષણો આપવાના રીવાજથી સ્ત્રી તથા બાળકોના મનમા હમેશા તે મેળવવાને ઘર ખરચમા કરકસર કરવાની ટેવ નાનપણથીજ પડી જાયછે. ને આ જોઈ તેમના પ્રજાનાં પણ ઘણી નાની વયથી એ ગુણ આરોપણ થવાથી ઘણીજ થોડી મુદતમાં આપણી ન્યાત દોલત મંદ થય જાયછે.

દોહરા.

શુભ ભુષણ શુભ વસ્ત્રને, આપો કરી વિવેક;
તે પેરી પ્રિય બાળકો, દિપાવે ઘરી ટેક. ૧
વળી મેળવવા ભુષણો, અને સુવસ્ત્ર અનેક,
કર કસર કરશે ઘણી, એક એકથી એક. ૨
આથી દોલત આપણી, અહો નિશ વધશે એમ;
અરસ પરસ પ્રિતિ ધરી, ઉદ્યમ કરશે તેમ
અરે પ્યારા જ્ઞાતિઓ શ્રિમ

દો૦ ભૂષણ સ્ત્રી બાળને, તજી શોક સંતાપ. ૪

समाप्ती प्रकरण.

હે ! પ્રિય સ્વજ્ઞાતિ શુભેચ્છકજનો આજે મેં જે ભાષણ તમારી આગળ કીધું તેમાં આપણી જ્ઞાતિની પડતી સ્થિતિ આવવાનાં મુખ્ય મુખ્ય ચાર કારણો સંક્ષેપે વર્ણવી દેખાડ્યાં ને તેમાં દરેક કારણનો ટીકામાં મારી શક્તિ મુજબ યથાર્થ વર્ણન કિધું. વળી તે દરેક કારણની સમાપ્તિની આખરે થોડી થોડી કવિતાઓ કહી સંભળાવી. તે કવિતામાં દરેક વર્ણનનો ટુંક સાર, તે ઉપર શાશા ઉપાયો યોજવા; વિગેરે સંક્ષેપે બતાવ્યું છે. આ સઘળા ઉપર વિચાર કરતા તમને સહેજ જણાશે કે આપણી જ્ઞાતિને સારા પાયા ઉપર લાવવાને મુખ્ય સાધન વખતને અનુસરી સુવિદ્યા તથા સુહુંનર શીખવાની હાલના જ્ઞાતિ જનોમાં પુરતી હોંસ નથી તે ઉપર તમારૂં લક્ષ ખેંચવા હું વધારે ભલામણ કરૂંછું. કેમકે સઘળા સુખ તથા સુધારાનું મૂળ તે સુ વિદ્યા તથા સદાચરણ છે. એટલુંજ નહિ પણ જ્ઞાતિ જનોના ભલા બુરાનો સઘળો આધાર જ્ઞાતિની અંદર આગેવાની ધરાવનાર જે ન્યાતના શેઠીઆ તે નવે સરથી ઘણાના અનુમત પ્રમાણે સદાચરણી તથા વિદ્વાન જોઈ નિમવાની ભલામણ કરૂંછું. તે પણ પ્રસંગ મળે તમો ગૃહસ્થો વિચારમાં લેશો. બીજું તમો નામદાર ગૃહસ્થો આપણી જ્ઞાતિને દીપાવનાર જે સ્ત્રી ધન તથા બાળકો તેમને રૂડી કેળવણી આપી નીતિમાન તથા સદાચરણી કરી ઉત્તમ વસ્ત્રાભુષણોથી શણગારી સઘળી જ્ઞાતિને ખરા ગૃહસ્થોની ઊંચી પંક્તિમાં આણવાને તમારાથી બનશે તેટલી મેહેનત તન મનને ધનથી લેશો. કે જેથી કરી સ્ત્રી પુરૂષોમાં પરસ્પર સ્નેહ વધી એક બીજાના કામમાં મદદ કરવાને દીલો જાનથી મચ્યા રહે. વળી ન્યાત મેળાવડામાં વિદ્વાનોને નોતરશો અને ખોટા મિથ્યા કુળાભીમાનીઓને કન્યા આપવાનો અસલનો ચાલ પડ્યો છે તે હાલમાં સુવિદ્યા તથા સુહુનર શીખેલા ઊંચી પંક્તિમાં આવેલા નવીન ગૃહસ્થોને ખરા કુળવાન સમજી તેવાઓને યથા યોગ્યમાન આપવામાં ચૂકશો નહિ. તમો ટોળીમાંથી ટોળીઓ પાડવાનો કુસંપ તજી સઘળા સુસંપીલા થઈ જવને જેઉને ઇશ્વરે મોટા દરજ્જા તથા ઊંચી પદ્વિઓ આપેલી હોય તેઉએ પોતાના જ્ઞાતિભાઈઓને ઊંચે દરજ્જે ચઢાવવાની કાળજી રાખી તેમ કરશો કે જેથી કરી આપણી જ્ઞાતિનું ક્ષુદ્રપણું જાય સદ્‌ગૃહસ્થ પણું આવે આ આદી ઘણી વાતો જણાવતાં તમારો અમુલ્ય વખત રોકાયછે. પણ છેલ્લે જણાવવાને રજા લેઉંછું કે તમો નામદારો આપણી જ્ઞાતિને સારા પાયા પર લાવનાર જે આ સભારૂપી સાધન ઇશ્વરે અર્પણ કીધું છે. તેનો અનાદર નહિ કરતાં સાધનનો સારો લાભ ઘણાં માણસો લઈ શકે તેવા ઉપાયો કામે લગાડો. જો [illegible] ટુંકીથી બીજું એવું સાધન ઇશ્વર તમને કદી મેળવનાર નથી [illegible] નો વિષય ચાર કરતાં કોઈ વધતા અનુભવી જ્ઞાતિ [illegible] હું જાણુંછું કે બેશક તે ઘણોજ લાભ.

કારક થઈ પડશે. તથાપિ તેમાંનો કોઈ નાનો ભાગ પકડી દરેક સભાસદ વિસ્તારથી લખશે તો એવી રીતે જુદાજુદા વિષયો જુદાજુદા શખસોના હાથે લખાવાથી કાંઈ ખામી રહેશે નહિ ને તેથી કરી આ પરોપકારી શુભેચ્છક સભાનો મનોરથ પણ પૂરે દરજ્જે પાર પડશે. તથાસ્તુ.

સ્વજ્ઞાતિ જનોને છેવટની વિનતી.

નાથ કૈસે ગજકો બંધ છોડાયો. એ રાગ.

તજીને કુધારા સુધારો વધારો,
સજ્જન સહુ માનોને બોધ અમારો; ટેક.
આપણા બાપદાદા જેહ કરતા,
તેહ વખત હતો ન્યારો;
ત્યારની ત્વારીખ ભાઈઓ તમે સઉ,
અંતરે વાંચી ઉતારો. સજ્જન સઉ. ૧
વળી જઈ પુછો વૈદને આજે,
તો કહેશે દુઃખ હજારો;
પણ હમણાં પ્રભુ પ્રસન્નતાથી,
વાઘ અજા એક આરો. સજ્જન સઉ. ૨
એ દુઃખથી છુટાયે જ્યારે,
લાગ આવ્યો આવો સારો;
ત્યારે તમે શા માટે રે ભાઈઓ,
કરોનહિ આપ સુધારો. સજ્જન સઉ. ૩
જુઓને બીજા કેવા મરવા છે,
કરવા જાતિ સુધારો,
સઘળું સુખ સમજી છે એમાં,
તજી દ્યો વેમ નઠારો. સજ્જન સઉ. ૪
માણસનો મુખ્ય ધર્મ કયો છે,
કયો ધારો કુધારો;
આ ભવમાં તરવાનો મારગ,
છે ભણવામાં વિચારો. સજ્જન સઉ. ૫
બીજા દેશના સુધરેલા માણસ,
ભોગવે છુટ હજારો;
એ તણું કારણ જાણીને સર્વે.
ન વિદ્યાભ્યાસે વિચ

ગુજરાત ઔદિચ્ય જ્ઞાતિસાધારણસુધારક સભામાં તા. ૨જી મે સને ૧૮૭૭ સુધીમાં સ્વજ્ઞાતિના જુદા જુદા ગામ વાર મેમ્બરો દાખલ થઈ ચુક્યા છે તેનું લીષ્ટ નીચે લખ્યા પ્રમાણે.

અમદાવાદ.

બ્રા. દેવશંકર દયાશંકર
બ્રા. નરોત્તમ નિત્યાનંદ
બ્રા. કુરપાશંકર હરીશંકર
બ્રા. માહાશંકર ઇશ્વરભાઇ
પંડ્યા. ભ[illegible] મયારામ
બ્રા. ગીરજાશંકર ભાઇશંકર
બ્રા. ધેલાશંકર નરોત્તમ
બ્રા. મુસંજી ગણપતરામ
બ્રા. જેઠ્યેશંકર પ્રાણજીવન
પં. લક્ષ્મીરામ ગણેશજી
બ્રા. વિઠલ વિષ્ણુંરામ
બ્રા. ગીરજાશંકર ભોળાનાથ
બ્રા. નાથાલાલ બાપુજી
બ્રા. મગનલાલ હરજીવન

પુ. નરસીરામ દુલભરામ
બ્રા. મોહનલાલ કાળીદાસ
બ્રા. અંબાશંકર નથુરામ
શુ. મનસુખરામ જેઠ્યેશંકર
પ. કુબેરજી નરસીરામ
પુ. મગનલાલ માહાશંકર
પં. ગીરજાશંકર સંતોકરામ
બ્રા. હરગોવિંદ આદીતરામ
બ્રા. બળદેવ વજેરામ
બ્રા. માણેકલાલ મેહેશ્વર
બ્રા. નાનાલાલ મનસુખરામ
બ્રા. કુરપાશંકર કાળીદાસ
બ્રા. મોતીરામ લલુ

રામનારાયણ મોતીરામ
લાલ ત્ર્યંબકરામ
રૂપાશંકર જેઠાભાઇ
શુ૦ [illegible]રામ કાળીદાસ
બ્રા૦ લલુભાઇ મોતીરામ
શુ૦ ગણપતરામ નરસીરામ
શુ૦ નાથાભાઇ હરજીવન
પં૦ લક્ષ્મીશંકર પરસોત્તમ
બ્રા૦ બાળાશંકર પરસોત્તમ
પં૦ ગંગાશંકર નાગેશ્વર
બ્રા૦ રામશંકર હરજીવન
બ્રા૦ [illegible]વશંકર દામોદર
[illegible]રામ ગણપતરામ
[illegible] દામોદર

ખંભાત.

ગાતર બ્રા૦ શીવશંકર મેહેશ્વરભાઇ
શુ૦ સદાશીવ રામનાથ
બ્રા૦ સુરજરામ રામનાથ
બ્રા૦ ભોળાનાથ મેહેશ્વરભાઇ
બ્રા૦ વલભરામ રણછોડ
બ્રા૦ નાથાભાઇ દામોદર
બ્રા૦ મૂલશંકર તાપીશંકર
શુ૦ નરસીરામ કાળીદાસ
બ્રા૦ કીરપાશંકર ગંગાશંકર
બ્રા૦ પ્રભાશંકર દાજીભાઇ
બ્રા૦ ભાઇશંકર રણછોડ

ડભાણ.

બ્રા૦ લક્ષ્મીશંકર દેવશંકર

ડાકોર.

ખેડા.

પં૦ છોટાલાલ વજેરામ
[illegible] રણછોડ ગોવીંદરામ

[illegible]

[illegible] [illegible]

[illegible] [illegible]

[illegible]

[illegible] [illegible]

[illegible]

[illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] [illegible]

[illegible]

[illegible] [illegible]

[illegible]

[illegible] [illegible]

[illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]